**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૮/૧૧/૨૦૧૫ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૯૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી ૨૨૨ લીટર દેશી દારૂ અને ૫૦ ક્વૉટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૯૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૩૯૮/૧૫**

**શાહીબાગ :** બાંગ્લાદેશ સાલગરાયા હોસ્પીટલ રોડ, ઢાકા ખાતે રહેતી ૨૯ વર્ષની યુવતીએ તા.૨૭/૧૧/૧૫ નાં રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ૨૦૧૦ થી તા.૯/૧૦/૨૦૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી પલક રાજેન્દ્રભાઇ શુક્લા (ઉ.વ.૨૩) (રહે.ઓર્ચીડગ્રીન એપાર્ટમેન્ટ, ગીરધરનગર સર્કલની બાજુમાં, શાહીબાગ) એ યુવતીને લગ્ન કરવાની લાલચ આપી, વિશ્વાસમાં લઇ અવાર-નવાર અલગ-અલગ હોટલોમાં તેમજ પોતાના ઘરે લઇ જઇ યુવતીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એ.પ્રજાપતિ ચલાવે છે.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૨૩૯૯/૧૫**

**વટવા :** જગદીશભાઇ સંપતભાઇ રાજભર (રહે,સવિતાનગર(ગંગાનગર) ની ચાલી, આશાપુરી રેસીડન્સીની બાજુમાં, વિંઝોલ ક્રોસીંગ રોડ, વટવા) એ તા.૨૭/૧૧/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૧/૧૫ રાતનાં ૧૦/૦૦ થી તા.૨૨/૧૧/૧૫ સવારનાં ૫/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન ઘર નજીક રહેતો આરોપી સંદીપ મહાતમ મહંતો ઘર નજીકથી જગદીશભાઇની પુત્રી રંભાબહેન (ઉ.વ.૧૬) ને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી, જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.બી.રણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૦૦/૧૫</u>**

**જી.આઇ.ડી.સી.વટવા :** અશોકકુમાર સુશીલકુમાર શર્મા (ઉ.વ.૫૧)(રહે.ડ્રાઇવર રેલવે કોલોની, મણીનગર પૂર્વ) એ તા.૨૭/૧૧/૧૫ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૧૫ ના કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે આરોપી વિશાલકુમાર શર્મા તથા તેના મળતીયા ઇસમોએ ભેગામળી અશોકકુમારને પોતે "સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા મુંબઇ હેડ ઓફીસથી બોલે છે અને તમારૂ એ.ટી.એમ.કાર્ડ બ્લોલ થઇ ગયેલ છે" તેમ કહી અશોકભાઇને વિશ્વાસમાં લઇ, એ.ટી.એમ.નો પાસવર્ડ મેળવી લઇ, ઇન્ટરનેટ માધ્યમથી અશોકકુમારનાં બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૩૬,૯૦૦/- ઉપાડી લઇ, અશોકકુમાર સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ઝેડ.એ.શેખ ચલાવે છે

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૦૧/૧૫</u>**

**આનંદનગર :** નરેશભાઇ કરશનભાઇ ટેલર (રહે.યોગી ડુપ્લેક્ષ, માધવમિલન ફ્લેટની બાજુમાં, શ્યામલ બ્રીજ નીચે, સેટેલાઇટ) એ તા.૨૭/૧૧/૧૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૧/૧૫ બપોરના ૪/૦૦ થી સાંજનાં ૬/30 સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, અગત્યના દસ્તાવેજો અને સોનાનાં દાગીના કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારઘી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૦૨/૧૫**

**વટવા :** અશ્વીનભાઇ ચંદ્રમોહન ધીમાન (રહે.શ્રીનાથ રેસીડેન્સી, કલાપી હોટલની પાછળ, નારોલ વટવા) એ તા.૨૭/૧૧/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૧/૧૫ રાતનાં ૧૧/30 થી તા.૨૫/૧૧/૧૫ સવારનાં ૬/30 સુધીનાં સમયગાળા દરમ્યાન પીપળજ સુપ્રીમ ટ્રાન્સપોર્ટ સોલ્યુશન પ્રા.લી.ના ગોડાઉનનાં ગેટ નજીક ટ્રક નંબર આર.જે.૨૭.જી.એ.૨૭૧૯ પાર્ક કરી મુકી હતી. જે ટ્રકની તાડપત્રી કાપી કોઇ અજાણી વ્યક્તિ ટ્રકમાંથી કાપડનાં તાકા નંગ-૫૫ કુલ કિંમત રૂપિયા ૮,૨૬,૦૧૯/- મતાનાં ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)